# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ / 100 તા. 22/5/24

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
સંધી ઉમરભાઈ સીદીકભાઈ C/O. હનીફભાઈ ઉમરભાઈ સંધી
એકડે એક બાપુની દરગાહ પાસે,
બેડી બંદર રોડ, જામનગર
જી. જામનગર, પીનકોડ :૩૬૧૦૦૯ મોબાઈલ :૯૮૯૮૩૨૮૪૨૫

વિષય : અમોને આપવામાં આવેલ અસાધારણ રકમના બિલ બાબત.

સંદર્ભે : સંધી ઉમરભાઈ સીદીકભાઈ C/O. હનીફભાઈ ઉમરભાઈ સંધી ની મળ્યા તારીખ: ૦૪.૦૩.૨૦૨૪
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૫૯/ક્વા-૦૪/૨૦૨૩-૨૪)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર શહેર-૧

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પટેલ કોલોની

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા-૦૪/૨૩-૨૪/ ૧૦૦ તા. ૨૨/5/24

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૯/ક્વા-૦૪/૨૩-૨૪**

અરજદાર: શ્રી સંધી ઉમરભાઈ સીદીકભાઈ C/O. હનીફભાઈ ઉમરભાઈ સંધી, ગામ – જામનગર

સબડીવીઝન: પટેલ કોલોની,જામનગર

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જામનગર શહેર-૧,

### :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ૨૦-૦૪-૨૦૨૪ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૪-૨૦૨૪ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો પટેલ કોલોની સબ ડિવીઝન, પી.જી.વી.સી.એલ., જામનગર હેઠળ ગ્રાહક નંબર : ૩૨૨૦૩/૦૭૧૭૧/૦ વાળુ રહેણાંક હેતુનુ વિજ જોડાણ ઉપરોકત સરનામે ધરાવીએ છીએ. અમારા વિજ જોડાણનું મીટર બંધ થઈ જતા. તા. ૧૨-૦૨-૨૦૨૦ના રોજ બદલવામાં આવેલ, મીટર બદલાવતા સમયે આપેલ લેબ રોજકામની તારીખ માં અમો મજુરી કામ કરતા હોય, રોજ ભાંગવો પોસાય તેમ ન હોવાથી હાજર રહેલ નહિ. અમારુ મીટર બદલાવ્યા બાદ વીજ વપરાશ જુના મીટર માં આવતા વીજ વપરાશ જેટલો જ નોંધાયેલ છે. અચાનક બે વર્ષથી વધુના સમયગાળા બાદ અમોને રૂા. ૧,૬૬,૦૯૧.૫૧/- નું પુરવણી બીલ પેન્ડીંગ યુનીટ પેટે ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૩ ના બીલમાં ડેબીટ કરીને આપવામાં આવેલ છે.અમારા મીટર અંગેનું રીડીંગ નીયમીત રીતે થતુ આવ્યુ છે. મીટર બદલાવતા સમયે પણ અમારો લોડ ૬૮૨ વોટ નોંધાયેલ છે.

મીટર બદલાવ્યા બાદ પણ અમારા વીજ વપરાશમાં કોઈ અસાધારણ ઉછાળો આવેલ નથી, અમોને આપવામાં આવેલ પેન્ડીંગ યુનીટનું બીલ ભુલ ભરેલું જણાય છે. તેમજ બે વર્ષના લાંબા સમયગાળા બાદ આ બીલ આપવામાં આવેલ હોય, સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ ૬.૮૪ મુજબ પણ રદ થવાને પાત્ર છે. અમોને આપવામાં આવેલ પેન્ડીંગ યુનીટ અંગેનું પુરવણી બીલ રદ કરી આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી. આભાર સહ.. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 પટેલ કોલોની પેટા વિભાગમાં આવેલ ગ્રાહક નં. 32203- 07171-0 (સંધી ઉમરભાઈ સીદીભાઇ)નું લેબરિપોર્ટ મુજબ ૧૯૯૯૦ પેન્ડિંગ યુનિટનું (લેબમુજબ છેલ્લા રીડિંગ ૨૫૫૮૧ kwh,લેજર મુજબના છેલ્લા રિડીંગ 5591kwh) પુરવણીબિલ રૂ.૧,૬૬,૦૯૧.૫૧ નું ગ્રાહકશ્રીને આપવામાં આવેલ છે. સદર ગ્રાહકશ્રીસંધી ઉમરભાઈ સીદીભાઇની રહેણાક જગ્યા પર તા. 12/02/2020 ના રોજ જૂના મીટર નં. 00358037 પ્રફોર્મા નં. 73849 થી મીટર બદલાવેલ તેમજ પ્રફોર્મામાં ડિસ્પ્લે ઓફ દર્શાવેલ,માટે તા. 01/04/2020 લેબરોજકામ નં. 68690 થી મીટર નં- 00358037નું લેબરોજકામ થતાં તેમાં છેલ્લા 25581kwh દર્શાવેલ છે, જેના લીધે 19990 યુનિટ પેન્ડિંગ રહેલ છે તેવું લેબરોજકામ જોતાં જણાયેલ છે. આમ આ બાબતે લેબ રિપોર્ટને ધ્યાને રાખી તા.૩૦.૦૭.૨૦૨૩ ના પુરવણીબિલ ગ્રાહકશ્રીને આપવામાં આવેલ છે. પરંતુ ગ્રાહકશ્રી દ્વારા તા.૦૫.૧૨.૨૦૨૩ તથા તા.૨૮.૦૨.૨૦૨૪ ના રોજ અરજી આપેલ,જેમાં જણાવેલ કે તેઓ મજૂરીકામ કરતાં હોય, રોજ ભાંગવો પોસાય તેમ ન હોવાથી લેબમાં હાજર લેબ રોજકામની તારીખમાં રહી શકેલ નહીં. તેઓ દ્વારા નિયમિત વીજબિલ ભરપાઈ કરવામાં આવે છેતથા નિયમિત મીટર રીડિંગ થતું આવે છે તેવું તેમના દ્વારા જણાવેલ છે.

3.૧ મીટર બદલાવતા સમયે પણ ગ્રાહકશ્રીનો લોડ ૬૮૨ વોટ નોંધાયેલ છે. મીટર બદલાવ્યા બાદ પણ ગ્રાહકશ્રીના વીજવપરાશમાં કોઈ અસાધારણ ઉછાળો આવેલ નથી. ગ્રાહકશ્રીની રજૂઆત પ્રમાણે આપવામાં આવેલ પેન્ડિંગ યુનિટનું પૂરવણીબીલ ભૂલ ભરેલું જણાય છે. આથી સદર પૂરવણીબિલ ગ્રાહકશ્રી સંધી ઉમરભાઈ સીદીભાઇ ને મંજૂર ના હોય, માટે ૧૯૯૯૦ પેન્ડિંગ યુનિટનું પૂરવણી બીલની રકમ બાદ કરી આપવા રજૂઆત કરવામાં આવેલ છે. તા. ૧૬.૦૪.૨૦૨૪ ના રોજ ગ્રાહકશ્રીને પટેલ કોલોની પેટા વિભાગ કચેરી પર રૂબરૂમાં રજૂઆત સાંભળેલ છે, જેમાં વિવાદિત મીટરના લેબરોજકામ રિપોર્ટ મુજબ પેન્ડિંગ યુનિટનું પૂરવણી બિલ તેઓને મંજૂર ના હોય, પરંતુ લેબ રોજકામ રીપોર્ટમાં છેલ્લા નોંધાયેલ રીડીંગ મુજબ પુરવણી બીલ આપવામાં આવેલ હોય નિયમનુસાર તેમની રજૂઆતને માન્ય રાખી શકાય નહીં કેમ કે લેબરોજકામ રિપોર્ટને ધ્યાને રાખી મુજબ પેન્ડિંગ યુનિટનું પૂરવણી બિલ ભરવાપાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજુઆત મુજબ પટેલ કોલોની પેટા વિભાગમાં આવેલ ગ્રાહક નં. 32203-07171-0 (સંધી ઉમરભાઈ સીદીભાઇ)નું લેબરિપોર્ટ મુજબ ૧૯૯૯૦ પેન્ડિંગ યુનિટનું

(લેબમુજબ છેલ્લા રીડિંગ ૨૫૫૮૧ kwh,લેજર મુજબના છેલ્લા રિડીંગ 5591kwh) પુરવણીબિલ રૂ.૧,૬૬,૦૯૧.૫૧ નું ગ્રાહકશ્રીને આપવામાં આવેલ છે. સદર ગ્રાહકશ્રી સંધી ઉમરભાઈ સીદીભાઇની રહેણાક જગ્યા પર તા. 12/02/2020 ના રોજ જૂના મીટર નં. 00358037 પ્રફોર્મા નં. 73849 થી મીટર બદલાવેલ તેમજ પ્રફોર્મામાં ડિસ્પ્લે ઓફ દર્શાવેલ,માટે તા. 01/04/2020 લેબરોજકામ નં. 68690 થી મીટર નં- 00358037નું લેબરોજકામ થતાં તેમાં છેલ્લા 25581 kwh દર્શાવેલ છે, જેના લીધે 19990 યુનિટ પેન્ડિંગ રહેલ છે તેવું લેબરોજકામ જોતાં જણાયેલ છે.

૪.૨ મીટર બદલાવતા સમયે પણ ગ્રાહકશ્રીનો લોડ ૬૮૨ વોટ નોંધાયેલ છે. મીટર બદલાવ્યા બાદ પણ ગ્રાહકશ્રીના વીજવપરાશમાં કોઈ અસાધારણ ઉછાળો આવેલ નથી. ગ્રાહકશ્રીની રજૂઆત પ્રમાણે આપવામાં આવેલ પેન્ડિંગ યુનિટનું પૂરવણીબીલ ભૂલ ભરેલું જણાય છે. તા. ૧૬.૦૪.૨૦૨૪ ના રોજ ગ્રાહકશ્રીને પટેલ કોલોની પેટા વિભાગ કચેરી પર રૂબરૂમાં રજૂઆત સાંભળેલ છે, જેમાં વિવાદિત મીટરના લેબરોજકામ રિપોર્ટ મુજબ પેન્ડિંગ યુનિટનું પૂરવણી બિલ તેઓને મંજૂર ના હોય, પરંતુ લેબ રોજકામ રીપોર્ટમાં છેલ્લા નોંધાયેલ રીડીંગ મુજબ પુરવણી બીલ આપવામાં આવેલ હોય જે નિયમોનુસાર છે. લેબરોજકામ રિપોર્ટને ધ્યાને રાખી તે મુજબ પેન્ડિંગ યુનિટનું આપવામાં આવેલ પૂરવણી બિલ જે યોગ્ય જણાય છે અને અરજદાર શ્રી એ ભરવાપાત્ર થાય છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧